ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



ક-કલમનો 'ક' - દાદા વરસોથી દીકરાના દીકરાને ક-કલમનો 'ક' શીખવતા અને સાથે સાથે સંસ્કારનું સિંચન કરતા... આજે બદલાતા સમયમાં દાદા અને પૌત્ર મોબાઈલના કી-બોર્ડ એકમેકને સમજાવે છે... સ્લેટ પેનથી હટીને હવે દાદા ને પૌત્ર મોબાઈલ કી-બોર્ડ સુધી પહોંચે છે... આધુનિક યુગમાં કદમથી કદમ મિલાવીને દાદા - પૌત્ર નવી ટેકનોલોજીને કેવી રીતે સમજી રહ્યા છે અને સાથે સાથે અપનાવી રહ્યા છે. આધુનિક ટેકનોલોજીએ કેવા સંબંધોને, કેવા બનાવ્યા છે... કેવા બનાવી દીધા છે એની આ જાગતી તસવીર... (તસવીર : કશ્યપ નિમાવત)

# ઓર્ડર...ઓર્ડર...એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરો : હીના પટેલ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં આ પછી અધ્યક્ષ શ્રીમતી હીના પટેલે તેમને આવો કોઈ મેન્ડેટ વંચાણે લેવો તેવી રજુઆત નહિ

## મેન્ડેટ વાંચન માટે કોંગ્રેસના આગ્રહ સામે હીના પટેલે રોકડુ પરખાવ્યુ મને કોઈ રજુઆત મળી નથી

મેન્ડેટના વાંચન મુદ્દે કોંગ્રેસ અને ભાજપ સામ સામે આવી ગયા હતા અને કાયદાના બંધનથી બાંધવા જતાં કાયદાકીય ભાષામાં જવાબ મળતાં કોંગ્રેસે તેના આક્રમક વલણના હથિયાર હેઠા મુકયા હતા.

બેઠકનો આરંભ કરવા માટે હીના પટેલે અધ્યક્ષીય આદેશ કરતાં જ કોંગી સભ્યશ્રી અરવિંદસિંહ સોલંકીએ તેમના ૫૭નો મેન્ડેટ વંચાણે લેવામાં આવે તેવી રજૂઆત કરી હતી. ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે પણ તેમાં સુર પુરાવ્યો હતો.

મળી હોવાનું જણાવી એજન્ડા પરની કાર્યવાહી હાથ ધરવા આદેશ આપ્યો



હતો. જેને ભાજપના સભ્યોએ પાટલીથી થપથપાવી અને વધાવી લેતાં નજરે પડયા હતા.

આ તબક્કે અધ્યક્ષની મંજૂરી



નહિ હોવા છતાં પણ શ્રી અરવિંદસિંહ સોલંકીએ મેન્ડેટ વાંચવાનો ચાલુ કરતાં બેઠકમાં હોહા સર્જાઈ જવા પામી હતી તેમજ તેમના મેન્ડેટને સ્પષ્ટ સાંભળી શકાયો પણ ન હતો.

આ પછી તુરત જ અધ્યક્ષ શ્રીમતી હીના પટેલે પણ કાયદાની ભાષામાં જ રૂલીંગ આપતાં જણાવ્યું હતું કે કોંગ્રેસના નવ સભ્યો સામે આ પહેલાં પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ દાખલ થઈ ચુકી છે અને તેના પર નિર્ણય ના આવે ત્યાં સુધી આ નવે સભ્યોને મેન્ડેટની મર્યાદામાં બાંધી શકાય નહિ જેને પણ સભ્યોએ વધાવી લીધી હતી.

કોંગ્રેસના સભ્યોને કયા કયા મુદ્દાઓનો વિરોધ કરવાનો છે તેની વિગતો મેન્ડેટમાં કહેવામાં આવી હતી.

જો કે પક્ષાંતર કરી જનારા સભ્યોએ ખુલ્લેઆમ એજન્ડાને બહાલી આપવા મેન્ડેટની વિરૂધ્ધમાં મતદાન કર્યું હતું.

મેન્ડેટના મુદ્દે ઘેરવાના કોંગ્રેસના આજના છેલ્લા પ્રયાસને પણ નિષ્ફળતા મળતાં કોંગીની છાવણીમાં નિરાશાનું મોજું પ્રસરી જવા પામ્યું હતું.

આજની બેઠકના આરંભે બે કો-ઓપ્ટ સભ્યોને બેસવાની જગ્યા ના મળતાં સભા શરૂ થઈ તે પહેલાં વ્હેલમાં આવી બેસી ગયા હતા અને અમને ન્યાય આપો તેવી માંગણી કરતા હતા. જો કે બેઠકના આરંભે આ સભ્યો માટે ખુરશી આવી જતાં મામલો થાળે પડી ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

● ગાંધીનગરમાં જૈનોના પર્વ પર્યુષણમાં ૧૦૦ થી વધુ શ્રાવકોએ જુદી જુદી તપશ્ચર્યા કરી છે. જેમાં ૫ થી વધુ જૈનેતર લોકો પણ જોડાયા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા માટે ૫૦ થી પણ વધુ પોલીસ કર્મીઓનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ખાનગી વિડીયો રેકોર્ડીંગ કરવાના મુદ્દે અમીત ચૌધરી, જયેશ પટેલ, શકુંતલાબેન પટેલ વચ્ચે શાબ્દીક ટપાટપી થઈ હતી.

● આજની સામાન્ય સભામાં શોકમાં ડુબેલા ધારાસભ્ય શ્રી અશોક પટેલે હાજરી આપી હતી તેમજ ચર્ચામાં રસ પણ લીધો હતો.

● ગુજરાત વિધાનસભાની નવ બેઠકો માટે ૪૫ અને લોકસભાની એક બેઠક માટે ૪ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમના અગ્રણી રાજન શાહની દિકરી રાજસી શાહે અઠ્ઠઈ તપની આરાધના કરી હતી.

# મોબાઈલ-ઈન્ટરનેટ જોડાણ માટે શહેરમાં નવા ટાવર ઉભા થશે

### બી.એસ.એન.એલ. દ્વારા ટેલીકોમ અદાલતમાં જાહેરાત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં મોબાઈલ અને ઈન્ટરનેટ કનેકટીવીટી માટે બી.એસ.એન.એલ. દ્વારા નવા ૮ ટાવર ઉભા કરવામાં આવશે. આ પૈકી મોટાભાગના ટાવરો નવવિકસિત વિસ્તારમાં ઉભા કરાશે. ટેલીકોમ મરામત દરમિયાન મોડેમ ભાડા પદ્ધતિ આપવા પણ મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે શહેરમાં મોબાઈલ અને ઈન્ટરનેટ કનેક્ટીવીટીની સમસ્યા ઘણી જગ્યાએ ઉદ્ભવી છે. જેના પરિણામે ગ્રાહકોને હાલાકી ભોગવવી પડે છે.

આ અંગે શહેર વસાહત મહામંડળ દ્વારા અગાઉ ટેલીકોમ અદાલતમાં રજૂઆત કરવામાં આવી હતી. આ મામલે એરિયા મેજનેજર આશિષ ઠાકરે મોબાઈલ અને ઈન્ટરનેટ કનેક્ટીવીટી માટે નવા ૮ ટાવર ઉભા કરવાની જાહેરાત કરી છે. જે અન્વયે સે. ૭, ૯, સે. ૩-ન્યુ, સે. ૨૯ ઉપરાંત કુડાસણ, રાયસણ અને ઈન્ફોસિટીમાં ટાવરો ઉભા કરવાનું આયોજન કર્યુ છે. જેના લીધે નાગરિકોને ઈન્ટરનેટ અને મોબાઈલ કનેક્ટીવીટીમાં રાહત થશે. આ ઉપરાંત મોડેમ ભાડા પદ્ધતિથી આપવાના મામલે પણ દરખાસ્ત કરવામાં આવી હતી. મહામંડળના પદાધિકારીઓ કીશોર જીકાદરા, મયુર વ્યાસ પણ ૧૯૭ ની ટેલીકોમ ઈન્કવાયરીની માહિતી અપગ્રેડ કરવા રજૂઆત કરી હતી. જ્યારે કેબલના ખોદકામથી સેક્ટરોમાં ટેલીફોન સેવા બંધ ન થઈ જાય તે માટે કાળજી લેવા પણ રજૂઆતમાં જણાવાયું હતું. આ ઉપરાંત નવા સેક્ટરોમાં કેબલ નાખી લાઈન આપવાની વ્યવસ્થા મંજૂરીના અભાવે અટવાઈ હોવાથી આ અંગે પણ જરૂરી ધ્યાન કેન્દ્રીત કરવા પણ રજૂઆતમાં જણાવાયું હતું. ટેલીકોમ અદાલત દરમિયાન વિભાગના અધિકારીઓએ ઉપસ્થિત રહી નાગરિકોની રજૂઆત સાંભળી હતી.

# વજુભાઈ વાળાએ ધારાસભ્ય પદેથી વિધાનસભા ઉપાધ્યક્ષને રાજીનામું સોંપ્યું

ગાંધીનગર, તા.૩૦

વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ



વાળાએ આજે ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. તેઓ સોમવારને રજીના રોજ કર્ણાટકના રાજયપાલ તરીકે શપથ ગ્રહણ કરશે.

કેન્દ્ર સરકારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાને કર્ણાટકના રાજયપાલ બનાવ્યા છે. જેના પગલે આજે વજુભાઈ વાળાએ ધારાસભ્યપદે થી તેમજ વિધાનસભાના અધ્યક્ષપદેથી પોતાનું રાજીનામું વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલને સોંપતા ઉપાધ્યક્ષે તેમના રાજીનામા પત્રનો સ્વીકાર કર્યો હતો.

વિધાનસભાના અધ્યક્ષ નું પદ ખાલી પડતા આ પદનો કાર્યભાર આજે વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલે સંભાળ્યો છે. જયાં સુધી વિધાનસભાના અધ્યક્ષ તરીકે નવી નિમણુંક ન થાય ત્યાં સુધી અધ્યક્ષનો ચાર્જ ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલ સંભાળનાર હોવાનું જાણવા મળે છે.

કર્ણાટકના રાજયપાલ તરીકે નિમણુંક થતાં ધારાસભ્ય પદેથી આજે રાજીનામું આપ્યા બાદ હવે વજુભાઈ વાળા સોમવારે કર્ણાટક જવાના છે. બેંગ્લોર ખાતે સાંજે ૫-૦૦ વાગે વજુભાઈ વાળા કર્ણાટકના રાજયપાલ તરીકેના શપથગ્રહણ કરીને પોતાના હોદ્દાનો કાર્યભાર સંભાળશે.

# જિલ્લામાંથી ૩૦૬૦ ઉમેદવારો આજે એમ ટાટની પરીક્ષા આપશે

### સ્કોવોર્ડ અને ઓબઝર્વરની ટીમ ૧૦ પરીક્ષા સ્થળોએ રાઉન્ડ લેશે

ગાંધીનગર, તા.૩૦

પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી અન્વયે આજે એમ.ટાટની પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી ૩૦૬૦ ઉમેદવારો આ પરીક્ષામાં હાજરી આપશે. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક બિલ્ડીંગમાં સ્કોવોર્ડ તેમજ ઓબ્ઝર્વર રાઉન્ડ લેશે.

પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી કરવા માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા. ૩૧ ઓગષ્ટના રોજ એમ.ટાટની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ આ પરીક્ષાને અનુલક્ષી જરુરી તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ પૂરતી તકેદારી રાખવામાં આવનાર છે. જિલ્લામાં વિવિધ ૧૦ સ્થળોએ પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જિલ્લામાંથી ૩૦૬૦ જેટલા ઉમેદવારો એમ.ટાટની પરીક્ષા આપશે. પ્રાથમિક શિક્ષણમાં આચાર્યની નિમણુંક માટે યોજાનારી આ પરીક્ષામાં પારદર્શકતા જળવાય તે માટે પ્રત્યેક પરીક્ષા કેન્દ્રો પર સ્કોવોર્ડ ઉપરાંત ઓબ્ઝર્વર રાઉન્ડ લેશે આ માટે ઓબ્ઝર્વરની ૩ ટીમોને પણ જવાબદારી સોંપવામાં આવી છે. પરીક્ષાના અંતે રાજયની પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ઘટનો પ્રશ્ન હલ થશે. ઘટ નિવારવા મુખ્ય શિક્ષકોને નિમણુંક આપવામાં આવશે.



જય અંબે - ગાંધીનગરનો પદયાત્રા સંઘ 'જયઅંબે પરિવાર' એ આજે અંબાજી પગપાળા યાત્રાનું પ્રસ્થાન કર્યું હતું... શનિવારે સવારે પૂજન અને આરતી બાદ ગાંધીનગરના ૨૫૦થી વધુ ભાવિકો વાજતે-ગાજતે અંબાજી જવા રવાના થયા હતા... વરસતા વરસાદમાં પદયાત્રીઓએ મંગલ પ્રસ્થાન કર્યું ત્યારે ઉત્સાહપૂર્વક માતાજીની ધૂન બોલાવતા બોલાવતા ખ-માર્ગ પરથી પસાર થયા ત્યારે નગરજનો મોટી સંખ્યામાં નિહાળવા ઉમટ્યા હતા. (તસવીર : દિપક જાની)

# આવાસ રીનોવેશનનું કામ મંદ ગતિએ કોન્ટ્રાક્ટરોના બીલો અટવાતા આક્રોશ

### લાંબા સમયથી નાણાં ન ચુકવાતા કામગીરી પર વિપરિત અસર

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં સરકારી આવાસોના મજબૂતીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આવાસોના રીનોવેશન માટે કરોડોનો ખર્ચ કરવામાં આવનાર છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી મજબુતીકરણની કામગીરી અન્વયે કોન્ટ્રાક્ટરોના બીલ ન ચુકવાતા આક્રોશ પ્રવર્ત્યો છે. જેના પરિણામે આવાસોના મજબૂતીકરણનું કામ પણ મંદ પડી ગયું છે. નાણાં ન ચુકવાતા જવાબદાર એજન્સીઓમાં પણ ઉત્સાહનો અભાવ વર્તાય છે.

શહેરમાં દાયકાઓ જૂના સરકારી આવાસો જાળવણીના અભાવે ખંડેર બન્યા છે. જોખમી આવાસોની છતમાંથી અવાર-નવાર પોપડા ખરતા હોવાના કીસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. સરકારી આવાસો કંગાળ હાલતમાં છે જયારે

● અનુસંધાન પાન-૭ પર

# પસંદગીના નંબરોની હરાજીમાં આર.ટી.ઓ.ને ૨.૧૫ લાખની આવક

### ટુ વ્હીલરની નવી સીરીઝ માટે હરાજીમાં ૧૨૭ અરજદારોએ ભાગ લીધો : ૧ નંબર માટે રૂ. ૨૩,૪૬૫ ચુકવાયા

ગાંધીનગર, તા. ૩૦

આર.ટી.ઓ.માં ટુ વ્હીલરની નવી સીરીઝ માટે આજે પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે આર.ટી.ઓ. કચેરીએ રૂ. ૨.૧૫ લાખની આવક કરી છે. જ્યારે ૧ નંબર માટે સૌથી વધુ ૨૩,૪૬૫ રૂપિયા ચુકવાયા હતા.

આર.ટી.ઓ. કચેરીમાં ટુ વ્હીલરની નવી સીરીઝ જી.જે.૧૮.સી.એમ. ને અનુલક્ષી આજે પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આ માટે કુલ ૧૨૭ અરજી ઓઆવી હતી. જ્યારે પૈકી ૧૦૪ અરજીઓ માત્ર સિંગલ જ હોવાથી આ અરજદારોને પોતાની પસંદગીના નંબરો ફાળવી દેવાયા હતા. જ્યારે અન્ય ૨૩ અરજીઓ અન્વયે ઉંચા ભાવ પ્રમાણે નંબરોની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં ૧ નંબર માટે સૌથી વધુ રૂ. ૨૩,૪૬૫

● અનુસંધાન પાન-૭ પર

# કલેક્ટર કચેરીની સ્વચ્છતાના મુદ્દે કલેક્ટર લાલઘુમ

### એક કર્મચારી સામે દંડનીય કાર્યવાહી કરવા તો એક અધિકારી સામે શિસ્તભંગની કાર્યવાહી કરવા સૂચવ્યુ : કલેક્ટર કચેરીમાં જ ગંદકી જોઈ કલેક્ટર ભડક્યા..!!

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે કલેક્ટર કચેરીમાં બેસતી તમામ શાખાઓની ઓચિંતી મુલાકાત લઈ સ્વચ્છતા બાબતે કર્મચારીઓને આકરી ટકોરો કરી હતી તેમજ ત્રણ જેટલા કર્મચારીઓ સામે નોટીસ આપી અને દંડ કરવાની કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપતાં વહીવટીતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે બપોરે ૧૨.૫૦ ના સુમારે કલેક્ટર કચેરીમાં જ સ્વચ્છતાના મુદ્દે તમામ શાખાઓની મુલાકાતનો રાઉન્ડ લીધો હતો. કલેક્ટર કચેરીના ચારેય માળ ફરતાં તેમણે ઓફિસની ગંદકી જોઈ કર્મચારીઓ અને અધિકારીઓને ટપાર્યા હતા. એક કચેરીમાં તો અધિકારી પગ પર પગ ચડાવી કોમ્પ્યુટર પર પાના રમતાં પકડાતાં તેમના વિભાગના અધિકારીને પત્ર લખી આ અધિકારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવા સૂચવ્યુ છે.

તેમણે એક કચેરીના કર્મચારીની બાજુની બારી બહાર પંખીને પીવાના પાણીનું ચકલોડિયુ ખુબ જ ગંદી હાલતમાં જોઈ અને મચ્છરોના લારવા દેખાતાં મેલેરિયા અધિકારીને બોલાવી તપાસ કરવા તેમજ કર્મચારી પાસેથી રૂ. એક હજારનો દંડ વસુલ કરવામાં આવે તેવી સૂચના આપી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ કચેરીઓની મુલાકાત દરમ્યાન બાઝી ગયેલા ઝાળાં તેમજ ગંદકીના મુદ્દે પણ કર્મચારીઓને આકરા વેણ કીધા હતા. તેમણે જણાવ્યું હતું કે આપણી રોજીના સ્થાને જ આટલી ગંદકી એ નકારાત્મકતાની નિશાની છે. તેમણે ફાઈલો બહાર પડી રહેવી, ઓફિસમાં સરકારી કેલેન્ડર સિવાયના કેલેન્ડરો લટકાવવાના મુદ્દે ટપાર્યા હતા.

જિલ્લા કલેક્ટરશ્રીની મુલાકાત દરમિયાન એક ઉચ્ચ અધિકારી પણ કચેરીમાં ન જણાતાં તેમને તાત્કાલિક બોલાવી કડક તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે અગાઉ જિલ્લાની કચેરીઓ બેસે છે તે સહયોગ સંકુલની પણ મુલાકાત લઈ ત્યાંના શાખાધિકારીઓને ટપાર્યા હતા. આજે કલેક્ટર કચેરીની વિવિધ શાખાઓની મુલાકાત દરમિયાન પેપરવેઈટ તુટેલા વાપરતા, ડસ્ટબીન સાફ રાખવા, શૌચાલયોની સફાઈ સહિતના મુદ્દાઓ તેમના ધ્યાને આવતા તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.



બેસણું

અમારા મોટા ભાઈ સ્વ.શ્રી કચરાભાઈ આત્મારામ પટેલ(દાદા)ના સુપુત્ર **દિલીપભાઈ (રણછોડભાઈ ભગત)**નું દુ:ખદ અવસાન તા.૨૮-૦૮-૧૪ને ગુરૂવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા.૧-૦૯-૧૪ને સોમવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- અંબાજી માતાની વાડી, રાંધેજા.

**ભીખુભાઈ આત્મારામ પટેલ** (કાકા) **પલ્કેશ દિલીપભાઈ પટેલ** (પુત્ર)
**સુરેશભાઈ કચરાભાઈ પટેલ** (ભાઈ) **અનુપ સુરેશભાઈ પટેલ** (ભત્રીજા)
**જિગ્નેશ દિલીપભાઈ પટેલ** (પુત્ર)

**સ્વ. આત્મારામ દયાજીદાસ પટેલ પરિવાર**

**લૌકિક ક્રિયા રાખેલ નથી.**

પિયરપક્ષનું બેસણું ઉપરોકત સ્થળે અને સમયે રાખેલ છે.
લિ. ભરતભાઈ સેંધીદાસ પટેલ, ભદ્રેશ જીવણભાઈ પટેલ (કરણ નગરવાળા)

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧




SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · Dr. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com